સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સૂકી નદીની ઊંચી કાળી ભેખડો વચ્ચે વસું છું,
છેતરાયા પછી પણ હું જાત પર હસું છું!
શ્વસું છું માત્ર યાંત્રિક લુહારની ધમણ જેમ -
વિચાર અને દિશાવિહીન ભટકતું પશું છું!

હાઈકુ

ખાય છે ઝોલાં -
ભગ્ન-ભટકે નાવ,
સૂકાન વિના...
(દિશા શૂન્ય જિંદગી)

ઘડિયાળની
ચાલે જીવન યાત્રા -
ડચકાં ખાતી...
('પાવર' વિના)

ચિંતન

શ્રોતં શ્રુતેનૈવ ન કુંડલેન દાનેન પાણિર્નતુ કંકણેન ।
વિભાતિ કાયઃ કરુણાપરમાણામ્ પરોપકારૈર્નતુ ચંદનેન ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

લગભગ પ્રત્યેક વ્યક્તિ પોતાના શરીરને સુંદર દેખાડવા પ્રયત્ન કરતી હોય છે. અહીં ભર્તુહરીએ ચાર છણગારની વાત કરી છે.

કાનની શોભા, જ્ઞાન સાંભળવાથી વધતી હોય છે, સોના કે હીરાના કુંડળ પહેરવાથી નહીં. હાથની શોભા દાન આપવાથી થતી હોય છે. હાથમાં કિંમતી કંગન પહેરવાથી નહીં. દસેય આંગળીઓ સોનાની વીંટીઓ પહેરી હોય પણ એક રુપિયાનું ય દાન આપતો ન હોય તો હાથ શોભા દેતો નથી. અને શરીરની શોભા ચંદનનો લેપ કરવાથી વધતી નથી પણ શરીરની શોભા પરોપકારી કાર્યો કરવાથી વધે છે.

સજ્જનો પરોપકાર કરતા રહે છે. તેથી તે કાળા હોય તો પણ ગોરા છે.

સુવિચાર

- પરખતા રહા ઉમ્રભર તાકત દવાઓંકી, દંગ રહ ગયા દેખકર તાકત દુઆઓં કી - **વિષ્ણુ સકસેના**
- વટ, અકડ અને અભિમાન એ એક માનસિક બિમારી છે
  તેનો ઈલાજ સમય કે કુદરતની ઠોકર જ છે - **રોહિત શાહ**
- હિગ્રીઓ તો ફક્ત તમે ચૂકવેલ ફીની રિસિપ્ટ છે,
  તમારો વ્યવહાર જ તમારી સી શિક્ષા પ્રદર્શિત કરે છે - **ડો. કુમાર વિશ્વાસ**
- ઝવેરી તો ફક્ત હીરાની પરખ કરી જાણે છે, મહાન તો એ વ્યક્તિ છે કે જ કોલસાને પણ હીર બનાવવાની કાબેલિયત ધરાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સમય જખમ નથી ભરતો પરંતુ તમને એની પીડા સાથે જીવતા શીખવાડે છે - **ડેવીસ વ્હીટલી**
- આજનું ઔષધ : એક ચમચી એલોવેરા જેલ સાથે અડધી ચમચી લીંબુનો રસ મેળવી રોજ લગાડવાથી ચહેરા પરના ડાઘ ખીલ વગેરે મટે છે અને ચમકીલો ચહેરો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મદુરાઈમાં વાળ કાપવાનું સલુન ચલાવનાર મોહન ને ત્યાં દીકરીનો જન્મ થયો. નામ રાખ્યું મિત્રા. મોહનને વિચાર આવ્યો કે મારી દીકરીને હું આઈએએસ બનાવીશ. આઈએએસ ઓફીસર બનાવવા માટે તેણે ખર્ચનો અંદાજ મૂક્યો. અને કરકસર ભર્યું જીવન અપનાવી ને બચત શરુ કરી. હાલ ૨૦૨૦ સુધીમાં તેણે પાંચ લાખ રૂપિયાની બચત કરી. નેત્રાની આજની ઉંમર તેર વર્ષની છે. પિતા મોહનની સતત પ્રેરણા કે બેટી આઈએએસ ઓફિસર બનવાનું છે. દેશ-સમાજની સેવા કરવાની છે. દીકરી પણ પિતાને આશ્વાસન આપતી કે હું પણ ખૂબ મહેનત કરીશ અને આપનું નામ રોશન કરીશ. આ કોરોનાના સમયમાં મિત્રા આસપાસની વસ્તીની હાલત જોઈ પરેશાન હતી. તેણે એક દિવલ પિતાને કહ્યું, હું આપણી આસપાસ રહેતા લોકોને ભૂખે મરતાં જોઈ રહી છું. મારી આપને વિનંતી છે કે આપે મારા ભણવા માટે જે પાંચ લાખ રૂપિયાની બચત કરી છે તે આપણા ઘરની આસપાસના ગરીબોને મદદ કરવામાં વાપરી નાખો. મારે આઈએએસ નથી થવું. પિતા મોહન રોવા લાગ્યા. મિત્રાએ આંસુ ભરી આંખોથી પિતાને કહ્યું, આખરે તમે મારી પાસે દેશ-સમાજ માટે કંઈક કરવાની ભાવના પૈદા કરી હતી. મોહન દીકરી મિત્રાની વાત ટાળી ન શક્યા. બીજે દિવસે બેંકમાંથી પાંચ લાખ રૂપિયા લાવ્યા અને આસપાસ રહેતા છસો ગરીબ પરિવારોમાં આ રકમ વહેંચી દીધી. તેર વર્ષની દીકરી આ ગરીબોની ખુશી જોઈ રાજી થઈ ગઈ. આ વાત પ્રધાનમંત્રીએ છેલ્લી 'મન કી બાત'માં કરી. અને તેમણે આ ઘટનાની જાણકારી 'યુનો' માં આપી. હવે યુનો આવનારી બેઠકમાં યુનો એ મિત્રાને સ્પીચ આપવા માટે આમંત્રણ આપ્યું. ગીતામાં શ્રીકૃષ્ણા અર્જુનને કહ્યું છે કે 'સારું કાર્ય કરવા વાળાની કદી દુર્ગતિ થતી નથી.'

જો બાઈડનનો આવકારદાયક અભિગમ...

તંત્રીસ્થાનેથી...

જો બાઈડન ઘણા બધા સ્વપ્નસેવી અમેરિકાવાસીઓ માટે દેવદૂત સમાન પુરવાર થઈ રહ્યા છે. અમેરિકામાં જેમને 'ડ્રીમર્સ' તરીકે ઓળખવામાં આવે છે એવા અસંખ્ય બિન-નાગરિકો અમેરિકન નાગરિકત્વ મેળવવાની રાહ જોઈને બેઠેલા છે, સ્વજનોના ઘરે આવી પડી નાની મોટી નોકરી કરી ખાતા આવા હિજરતીઓ દુનિયાના વિવિધ દેશોમાંથી અમેરિકામા એમનાં સપનાં સાકાર કરવા આવતા રહે છે. અમેરિકાનું વહીવટીતંત્ર એમના પર સતત નજર રાખતું રહે છે બલકે ક્યારેક તો એવા ઈમિગ્રન્ટ્સને પોતપોતાના દેશમાં પાછા મોકલી દેવાશે એવો ભય પણ રહ્યા કરે છે. ભારતીય પ્રજાને શરૂથી જ આ 'લેન્ડ ઓફ ઓપર્ચ્યુનિટી' તરીકે ઓળખાતી ભૂમિનું ઘેલું લાગેલું છે. યેનકેન પ્રકારેણ આપણા ગામડિયા દેશી લોકો કોઈ એજન્ટને રૂપિયા ધરબીને મેક્સિકોના માર્ગે કે પછી અમેરિકામાં સ્થાયી થયેલ કોઈ સગાવહાલાંની મદદથી ખોટે ખોટાં લગ્ન કરીને ગુજરાતીઓ અને પંજાબીઓ અમેરિકામા ખાબકતાં રહે છે. આમ ગેરકાયદેસર રહેતા આ 'અવાંછિત' લોકો પણ આખરે તો અમેરિકાના અર્થતંત્રને મજબૂત બનાવવાનું જ કામ કરતા હોય છે. તેઓ વિવિધ કંપનીઓને સસ્તા મજૂરોની ફોજ વણમાગી મળતી રહે છે. જો બાઈડન શરૂથી જ આવા કમનસીબ હિજરતીઓને અમેરિકન નાગરિકોને મળતા અધિકારો ઉપલબ્ધ કરાવવાના તરફદાર હતા. રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા પછી ઈમિગ્રેશન એજન્ડાની દિશામાં એમને પહેલું નક્કર પગલું ભરી ચૂંટણી પ્રચાર વખતે આપેલ વચન પાળી બતાવ્યું છે. અમેરિકી સંસદની નીચલા ગૃહ 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' દ્વારા 'અમેરિકન ડ્રીમ એન્ડ પ્રોમિસ એક્ટ' પસાર થઈ ચૂક્યો છે અને હવે આ ખરડો સેનેટમાં પસાર થાય એ માટે રાષ્ટ્રપતિએ પોતે ભલામણ કરી છે. સેનેટમાં ખરડો પસાર થઈ ગયા પછી તે રાષ્ટ્રપતિની સહીમાં મુકાશે અને જો બાઈડનના હસ્તાક્ષર થતાં જ કરોડો સ્વપ્નસેવીઓ માટે અમેરિકન નાગરિકત્વનો માર્ગ મોકળો બની જશે. એથી પાંચ લાખ કરતાં વધુ ભારતીયોને લાભ મળશે, જે ગેરકાયદેસર અમેરિકામાં 'જામી પડ્યા' છે. પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ મુદ્દે નકારાત્મક અભિગમ ધરાવતા હતા. 'અમેરિકા ફર્સ્ટ'ની ફૂટનીતિ મુજબ એમણે અમેરિકનોની તકો પર તરાપ મારતા વિદેશી હિજરતીઓ આંખનાં કણાની જેમ ખૂંચતા હતા. એમને આઈટી કંપનીઓમાં વિદેશી કર્મચારીઓની નિમણૂક પર પ્રતિબંધ લગાવતા H-1B વિઝાના નિયમો અમલી બનાવ્યા હતા. જેની વિરુદ્ધ અમેરિકન કોર્ટે ચુકાદો આપતાં વિદેશી કર્મચારીઓને રાહત સાંપડી હતી. 'સ્કિલ્ડ ફોરેન વર્કર્સ' હકીકતમાં અમેરિકી અર્થતંત્રને મજબૂત કરવામાં ચાવી રૂપ ભૂમિકા ભજવતા રહ્યા છે. ટ્રમ્પ એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મિત્ર હોવાનો દાવો કરતા હતા અને બીજી તરફ ભારતીયોને ગેરકાયદેસર રહેતા અટકાવવા માગતા હતા. જો બાઈડને આ મુદ્દો પકડી લઈ ચૂંટણી વખતે ભારતીય મૂળનાં કમલા હેરીસને પોતાનાં ડેપ્યુટી ઉમેદવાર બનાવી ભારતીયોનું હૃદય જીતી લીધું હતું. મોદીની શુભેચ્છાઓ પણ ટ્રમ્પને ફળી નહોતી. મૂળ અનેક કષ્ટો વેઠીને તથાં ઘણાં જોખમો ખેડીને અમેરિકામાં કારકિર્દી બનાવવા આવેલ વિદેશીઓને વિધિવત્ નાગરિક બનાવી નવા રાષ્ટ્રપ્રમુખે આખરે તો અમેરિકન અર્થતંત્રને મજબૂતાઈ બક્ષવાનો જ પ્રયાસ કર્યો છે. સ્વાભાવિક છે કે ડ્રીમર્સ બિલથી આવા કરોડો હિજરતી અમેરિકવાસીઓ રાજીના રેડ થઈ જશે. ચીન અને રશિયા - બેઉ સામે શિંગડાં ભરાવી બેઠેલા બાઈડન પ્રશાસન અમેરિકાના કથળતા અર્થતંત્રને સાચવી લઈ એની ધાક અકબંધ રાખવા પ્રયાસ કરશે.

સાહિત્ય, સંસ્કાર અને સંસ્કૃત્તિની સંવેદનાસભર સરવાણી...

આરપાર

રાઘવજી માધડ

આપણે ઉત્સવપ્રિય પ્રજા છીએ.ઉત્સવો ઉજવવા અને તેમાં ઓતપ્રોત થવું આપણે સૌને ગમે છે. ઉજવણી કોઈ મંદ કે માંદા મનને માંજે છે,તનને તંદુરસ્તી બક્ષે છે.સર્વત્ર ચેતના પ્રગટાવે છે.આજ કાલ આવા રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી પૂરબહારમાં છે.ચપટી મીઠું ઉપાડી રાષ્ટ્રપિતા ગાંધીજીએ કહ્યું હતું, અંગ્રેજ સલ્તનતના પાયામાં લૂણો લગાડું છું.તે દાંડીયાત્રા દબદબાભેર ઉજવાઈ રહી છે.તે પૂર્વે રાજ્ય સરકાર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની સવાસોમી જન્મજયંતીની ઉજવણી માટે જાહેરાત કરી ચૂકી છે.

પરંતુ કોરાનાકાળ પછી શિક્ષણના સખળડખળ વચ્ચે સાહિત્ય,સંસ્કાર, સંસ્કૃત્તિની સંવેદનાસભર સરવાણી વહેડાવતી ભરૂચની નારાયણ વિદ્યાવિહાર શિક્ષણ સંસ્થા,પંચરાત્રમ મેઘાણી મહોત્સવની અનોખી રીતે ઉજવણી કરે છે.વક્તા તરીકે પાઠવેલા નિમંત્રણપત્રમાં લખે છે :શબદના સોદાગર,પહાડી બાળક, લોક સાહિત્યનો ધબકાર, રાષ્ટ્રીય શાયર એવા સમર્થ સાહિત્યકાર જેણે લોકશબ્દનાં ગુંજારવને લોકમાં નિજાનંદ અને નિત્યાનંદ રૂપે ગુંજે ભરવાનું - ગમતાનો ગુલાલ કરવાનું, લોકહૈયાના પડ વીંધીને હૈયાના ઝરણાઓના કલકલ નિનાદને મધુર અંતરની મિરાત સમી અમીરાત ઉલેચી ઉલેચી વીણી વીણીને કસુંબલ રંગથી ઘૂંટ વાનું અને તેનો કસુંબો પાવાનું અદકું કાર્ય કર્યું છે...તેવા રાષ્ટ્રીય શાયરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી શાળા કરી રહી છે.અને તેમાં માતૃભાષા અને માતૃભાષાનું ગૌરવ એવા લોકગીતો,લોકકથાઓ, લોકજીવનના ધબકારને તેના જીવનમૂલ્યોની રસધાર રૂપે પ્રગટ કરશે.સમગ્ર લોકહૈયાની આ મોંઘેરી મિરાતને ઉજાગર અને અભિનય સાથે પ્રગટ કરવાનો પંચરાત્રિનો આદકો ઓચ્છવ મેઘાણીના લોક-સાહિત્યમાંથી વીણેલા મોતીથી વધાવશે અને ભાવાંજલિ અર્પશે. આ લખ્યા મુજબનું બધું જ સંસ્થામાં સુપેરે સંપન્ન થયાનું જાતે જોયું. તેના સાક્ષી અને સહભાગી થવાના સદભાગ્યનો આનંદ હજુ પણ જરાય ઓછર્યો નથી.

આપણા વૈદિકયુગથી શિક્ષણનો મૂળભૂત અર્થતો માનવમાં સંસ્કાર સિંચન અને જીવન કૌશલ્યની ખીલવણી દ્વારા એક ઉત્તમ માણસનું નિર્માણ કરવું તે રહ્યો છે.ગુજરાતમાં નારાયણ વિદ્યાવિહાર જેવી અનેક સંસ્થાઓ સાંપ્રત શિક્ષણને નજરઅંદાઝ કર્યા વગર વિદ્યાર્થીઓના મૂલ્ય સંસ્કાર અને જીવનઘડતરનું ઉત્તમ કાર્ય કરી રહી છે.મેઘાણી મહોત્સવમાં ઉડીને આંખે વળગે એવી કોઈ બાબત હોયતો તે,સંસ્થાના તમામ શિક્ષક,સેવકગણને આ મહોત્સવમાં સામેલ કર્યો.બિનગુજરાતીઓએ પણ મેઘાણીના ગીતો પર અભિનય કર્યો.આ સંસ્થા વિશે પદ્મશ્રી પ્રવીણ દરજી લખે છે : ઓહ ! શિક્ષણની સંસ્થાઓ બધે હોય તો ! આ સંસ્થાની વિશેષ પ્રવૃત્તિઓમાં પુસ્તકપ્રેમ અને વાંચનની ખીલવણી માટે વિદ્યાર્થીઓ,વાલીઓ અને શિક્ષકો માટે દર માસે પુસ્તકસંવાદ.'આવો લેખકને મળીએલ્લ તથા કાવ્ય અને વાર્તાલેખનના વર્કશોપનું સુંદર આયોજન તથા અમલીકરણ.વિદ્યાર્થિની નેતૃત્વ શક્તિ અને સામાજિક જવાબદારીઓની ખીલવણી માટેનું તેમજ ઉત્તમ ભાર તીય નાગરિક ઘડતરનું પ્રેરક વાતાવરણ. કવિશ્રી વિનોદ જોશી અભિપ્રાય આપે છે : પ્રભાવિત થયો. સંસ્થા ના વિદ્યાર્થીઓથી શિસ્તબદ્ધ-જિજ્ઞાસુ અને કશુંક નવું પામ્યાની ધન્યતા અનુભવું છું.કવિ-સર્જકશ્રી હર્ષદ ત્રિવેદી લખે છે : ગુજરાતમાં આવી શુદ્ધ અને સંસ્કારી શૈક્ષણિક સંસ્થાઓ ઓછી છે.અહીંનું વાતાવરણ, શિક્ષકો વગેરેને મળી ખાતરી થઈ કે હજુ શિક્ષણના સંદર્ભે નાસીપાસ થવા જેવું નથી. આશા અમર છે.

ગુજરાત ઘણી બાબતે સમૃદ્ધ છે.પણ શિક્ષણની ઉત્તમ,આદર્શ સંસ્થાઓ ઓછી છે.એના કારણો ઘણાં હોઈ શકે પણ આંગણીના વેઢે ગણી શકાય એવા વિદ્યાવિહાર કે વિદ્યામંદિરમાં વૃદ્ધિ ને સમૃદ્ધિ થવી જોઈએ.

ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જતા હતા...ને ઝવેરચંદ મેઘાણીએ તેઓને કવિતા પહોં ચતી કરી. તેમાં લખ્યું હતું:છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ,સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ...આગળની કાવ્યપંક્તિ હતી, જગત મેણા મારશે : ન આવ્યો આત્મજ્ઞાની ! ના'વ્યો ગુમાની-પોલ પોતાની પીછાણી...કવિના આ શબ્દોને બાપુ સારી પેઠે પામી,સમજી ગયા ને કહ્યું:આ રાષ્ટ્રીય શાયર છે..!

આ રાષ્ટ્રીય શાયરના શબ્દના પોંખણા,વધામણાં...કે મહોત્સવ કરવાની,ઉજવવાની જવાબદારી કોની !? આ જવાબદારી ખરેખર પ્રજાની છે,સુજ્ઞ નાગરિકોની છે.કોઈ ચિંતકે કહ્યું છે,કોઈ પ્રજાનો સામાજિક વિકાસ જોવો હોય તો તે પ્રજા તેના સાક્ષરને સન્માન આપે છે કે નહીં તે પહેલા જોવું.પણ ભરૂચની નારાયણ વિદ્યાવિહાર સંસ્થાએ મેઘાણી મહોત્સવની ઉજવણી અનોખી રીતે કરી સામાજિક અને શૈક્ષણિક ફરજ અદા કર્યાનું ગૌરવ અચૂક લઈ શકે. ખાસ તો આ એક લોકસાહિત્યકાર એવા છે કે, એક સદી બાદ પણ લોકહૈયામાં ધબકે છે.વળી પાઠ્યપુસ્તકો પણ મેઘાણીની કૃત્તિઓથી સંપન્ન છે. તેથી શિક્ષણનું પણ ઉમદા કાર્ય થયું છે.

ઝવેરચંદ મેઘાણીએ માત્ર આ એક સદીના નહીં પરંતુ સદીઓના સર્જક છે અને રહેશે.એક યુનિવ સિટી પણ ન કરી એવું માતબર સર્જન-સંશોધન-સંપાદન-અનુવાદ પોતાના ઓછા આયખામાં કર્યું છે. હાલ રડાંથી લઈ મરશીયા સુધીનું કામ કરનાર મેઘાણી એક વ્યક્તિ નહીં પણ ઘટના ગણાય.અને આવી ઘટના વારંવાર ઘટતી હોતી નથી.તેઓના અદ્વિતીય લોકસાહિત્યના ઉપલક્ષમાં રાજ્ય સરકારે સવાસોની જન્મ જયંતીની ઉજવણી કરવા જઈ રહી છે ત્યારે ક્યારે ને કેવી રીતે ઉજવણીનો અમલ થશે તેને સમય પર છોડી દઈએ.પણ રાજ્ય સરકારે કરવા જેવું કામ હોય તો,આ રાષ્ટ્રીય શાયરનું અહીં એક સ્મૃતિ ભવન બને...તે ખરા અર્થમાં ઉજવણી અને શબદના સોદાગરની આદરાંજલિ ગણાશે !

છેલ્લે : છેલ્લી પાટલીએ બેઠેલાં વિદ્યાર્થીઓ જ્યાં સુધી સ્પર્ધામાં ભાગ ન લે ત્યાં સુધી જ પહેલી પાટલીએ બેઠેલાં વિદ્યાર્થીઓ બુદ્ધિશાળી છે !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

જાગો જાગો, કોરોના ફરીથી આવી રહ્યો છે,

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આજે આપણા દેશમાં કોરોનાનો હેપી બર્થ ડે છે. ગયા વર્ષે ૨૨ માર્ચે પ્રથમ લોકડાઉન થયું હતું. અને કોરોનાએ પોતાની ભયાનકતાના દસ્તક દીધા હતા. એ આખું વર્ષ કોરોનાએ આખી દુનિયાને ખૂબ ડરાવી છે. ડિસેમ્બર પછી સૌને થોડી રાહત મળી હતી. ધીમે ધીમે બધુ પૂર્વવત થતું જતું હતું. અનેક વિવાદોની વચ્ચે વેક્સિન પણ આવી ગઈ અને આખો દેશ એવું પણ માની બેઠો કે હવે કોરોના સામેનો જંગ આપણે જીતી ગયા છીએ. હવે સૌ સૂરક્ષિત છીએ. એમ સમજીને સૌ પોતપોતાના કામ ધંધે લાગી ગયા હતા. બહાર હૉટેલોમાં પાર્ટીઓ કરવી, પ્રવાસે જવું, સેમિનારો, બાગ બગીચા, સિનેમા, સ્કૂલ – કૉલેજ, ધાર્મિક પર્યટન સ્થળોની મુલાકાત, બધુ જ ખૂલી ગયું હતું. લોકો જાણે એક વર્ષની કેદમાંથી છૂટ્યા હોય એમ ચારેબાજુ નીકળી પડ્યા હતા. એમાં પાછી ચૂંટણીઓ યોજાઈ. જાણે કોરોના પણ સરકારને પક્ષે હોય એમ ધીમો પડી ગયો, કહો કે ક્યાંક છૂપાઈ જ ગયો. ચૂંટણીઓ જેવી પૂરી થઈ કે પાછો કોરોના..... જેવી રીતે પહેલાના સમયમાં ગામમાં મદારીનો ખેલ જોવા આખું ગામ ભેગું થતું કે ગામને ચોરે ખેલાતા ભવાઈના ખેલ જોવા આખું ગામ ભેગું થઈ જતું તેવી રીતે ચૂંટણીઓમાં બધા જ ગામો ભેગા થઈને દરેક પક્ષોના પ્રચારમાં લાગી ગયા હતા. ચારેતરફ ચૂંટણી સભાઓ, રેલીઓ, કાર્યાલયના ઉદઘાટનો, પાર્ટીઓ. આ બધાની વચ્ચે લોકોના માનસમાંથી કોરોના સાવ ભૂંસાઈ જ ગયેલો. બધાને એમ જ હતું કે હવે કોરોના ગયો. અને ઘણાય મીડિયા વિદ્વાન સંશોધકો એવું માને છે કે કોરોના જેવું કાંઈ હતું જ નહીં. એ બધું એક મોટું ડીંડક હતું. લોકોને ડરાવવા માટેનું વૈશ્વિક કાવતરું હતું. તેથી આવા સાહસિકો તો કોરોનાકાળમાં પણ માસ્ક વિના બજારોમાં ઘૂમતા હતા. ગુજરાતમાં આજે પણ અનેક એવા શહેરો, કસ્બાઓ, ગામડાઓ છે કે જ્યા લોકો હજીયે માસ્ક પહેરતા જ નથી. કોરોનાનો કોઈ ભય છે જ નહીં. આવા ગામમાં આપણે માસ્ક પહેરીને જઈએ તો તેઓ આપણી સામે મજાકની રીતે જોઈ રહે છે.

કોરોના એક ખતરનાક વાયરસ છે. એ હકીકત આખા વિશ્વએ સ્વીકારી છે. કોરોના વિશે ગ્રંથોના ગ્રંથો લખાય એટલા બધા લેખો લખાયા છે. માહિતીઓ વહેતી થઈ છે. વીડિઓ શેર થયા છે. આખી દુનિયાનું સરકારી, બિન સરકારી સંસ્થાઓ બધા કામે લાગી ગયા હતા. છતાંય કોરોના અજેય રહ્યો છે. વેકસિન આવી પણ હજી બધાને લાગી નથી. લાગતા પણ વર્ષો વીતિ જવાના. અને વળી તેના બન્ને ડોઝ લીધા પછી અમુક દિવસો બાદ શરીરમાં એન્ટી બોડિઝ બનાવે છે. એની અસર થાય છે. આમ છતાંય લોકો હવે કોરોનાથી ભયમૂક્ત બની રહ્યા છે.

આમ જોઈએ તો કોરોના એક રહસ્ય પણ છે. એ ક્યારે કેટલો વધે છે. ફેલાય છે એની કોઈને ખબર નથી. નહિતર ખરેખર દુનિયાનો કોઈપણ વાયરસ હોય એનો ગુણધર્મ ફેલાવાનો જ છે. લોકોને સંક્રમિત કરવાનો જ છે. એ ઘટી કંઈ રીતે શકે ? અટકી કંઈ રીતે શકે ? હું તો વ્યક્તિગત રીતે માનું છું કે એની સેકન્ડ લહેર કે ત્રીજી લહેર એવું કંઈ હોતું જ નથી. વાયરસ હંમેશાં લહેરમાં જ હોય છે. ફેલાતો જ રહે છે. પરંતું એના ફેલાવાનાં સમાચારોના ફેલાવા ઉપરની દેખરેખ જ મહત્વની છે. આ દેખરેખની વ્યવસ્થા કોરોનાના ફેલાવાનું પ્રમાણ નક્કી કરે છે. આ કોરોના કાળમાં એક અફવા તો એવી પણ આવેલી કે આખા વિશ્વના તમામ દેશોમાંથી મુખ્ય પચાસ લોકોની એક મિટિંગ થયેલી અને તેમાં વિશ્વની વધતી જતી વસ્તી ઉપર ચર્ચા વિચારણા થયેલી. ૭૫૦ કરોડની વસ્તીને નિયંત્રણમાં લેવાની અને એમાંથી થોડી વસ્તી ઓછી કરવાની પણ ચર્ચા થયેલી. એ યોજનાના એક ભાગ રૂપે આ કોરોના છે. પરંતુ આવું શક્ય નથી. આવો ઘાતક વાયરસ ફેલાવવો એ કોઈપણ વ્યક્તિ માટે જોખમી તો છે જ. એનાથી કોઈ ખાસ વ્યક્તિ કે સમાજ કે દેશ બચી શકે નહીં. એ કોઈપણને થઈ શકે છે.

કોરોના એ આમ જૂઓ તો એક સામાજિક કંટ્રોલર છે. આખા સમાજને કંટ્રોલ કરે છે. આજે લાખો લોકોએ બહારનું હૉટેલનું જમવાનું બંધ કરી દીધું છે. અનેક લોકોએ પોતાના જીવનની શૈલી બદલી નાખી છે. જેમ અનેકના જીવનમાં કોરોના એક કાળ બનીને આવ્યો છે તેમ લાખો કરોડો લોકોના જીવનમાં બદલાવ પણ લાવ્યો છે. તેથી કોરોના કાળ છે કે ક્રાંતિ એ હજી નક્કી થઈ શકે નહીં.

ફરીથી કોરોનાનું આવવું નવી તાકાત સાથે આવવું ખૂબ જોખમી તો છે જ. તેથી ફરીથી ગયા વર્ષના માર્ચનો ભય આપણા મનમાં લાવવો જરૂરી છે. ભય બિન પ્રીત નહીંની જેમ સરકાર કોઈ આકરા પગલા ભરશે નહીં ત્યાં સુધી આપણી પ્રજા સુધરવાની નથી. રાત્રીના કર્ફ્યુ શરું થઈ ગયા છે. ફરી એકવાર તમામ જાહેર સ્થળો બંધ કરવામાં આવ્યા છે. સ્કૂલ,કૉલેજો. બાગ બગીચા, ધાર્મિક પર્યટન સ્થળો, સિનેમા બધુ જ બંધ. પણ દુનિયાની બધી જ સરકારને ખાસ કરીને ભારતને કોરોના સામે કંઈ રીતે લડવું એની સારી સમજણ છે. તેથી હવે કદાચ ફરીથી જનજીવનને અસર કરે એવા લોકડાઉન નહીં આવે. જો કે આવી સ્થિતિ તો આપણી માટે વધારે ખતરનાક સાબિત થશે. કેમ કે પ્રજા તો બહાર જવાની જ. કારણ વિના બહાર નીકળવાની જ. અને જે આખુ વર્ષ બચીને રહ્યા છે તેઓ હવે આ બીજી લહેરમાં સંક્રમિત થઈ જવાના. તેથી ક્યાંક એવું ના બને કે તમે તરી તરીને કાંઠે આવો અને કિનારે જ તમારે ડૂબવું પડે. તેથી સાચી સાવધાની હવે રાખવાની છે. ક્યારેક જીવનમાં ડરવું પણ મોટો લાભ કરાવે છે. ડરવાથી જો નવું જીવન મળતું હોય તો... ડરાય. કેમ કે કહેવાય છે કે આ નવો કોરોના છે. એની સંક્રમણ કરવાની તાકત અનેક ગણી છે. તેથી હવે સાવચેતી રાખવી એ જ આપણો બચાવ છે.

મિત્રો, માસ્ક હવે આપણા જીવનનો એક હિસ્સો છે એમ સમજીને પહેરવો જોઈએ. માસ્ક પહેરવાથી વાયરસથી તો બચાય જ છે પણ સાથે સાથે અનેક પ્રકારની ડસ્ટ આપણા મોં અને શ્વાસમાં જતા રોકાય છે જેને કારણે આપણે હંમેશાં સ્વસ્થ રહીએ છીએ. જૈનોના મહારાજ સાહેબો વર્ષોથી મોં ઉપર સફેદ કપડું પહેરી રાખે છે. જે એક જાતનો માસ્ક જ છે. તો હવે આપણે પણ ટેવાઈ જઈએ. અને માસ્કને અપનાવી લઈએ, બહારથી ઘરમાં આવીને હાથ પગ મોં ધોવાની આપણી જૂની સંસ્કૃતિને પાછી લાવીએ. કેમ કે સ્વચ્છતામાં વાયરસ નથી રહી શકતો. મિત્રો, જેવી રીતે ગયું વર્ષ વિત્યું એવી રીતે આ વર્ષ નથી વિતવાનું પણ થોડા "ડરના જરૂરી છે." ડરશું તો હરશું ફરશું, નહિતર મરશું. તેથી હવે કોઈપણ શંકાકૂશંકા કર્યા વિના – માસ્ક અને સેનિટાઈઝર સાથે રાખીને જ બહાર નીકળવું. બહાર પુરી સાવધાની રાખો, હવે તમે સૌ કોરોનાની ગંભીરતા વિશે જાણો છો.

કોરોના રીટર્ન્સ : સહિયારી સમજદારીથી જ આ રોકાશે!

રગળપાટ

અજય ઉપાધ્યાય

૨૨ માર્ચ ૨૦૨૦ ના રોજ સૌપ્રથમ ભારતમાં જનતાકરફ્યુ લાગેલો, આવતીકાલે ફરીથી ૨૨ માર્ચ છે. કાળમુખા કોરોનાની ભારતમાં એન્ટ્રીને ઓલમોસ્ટ એક વર્ષ પૂરું થવા જઈ રહ્યું છે ત્યારે ફરીથી ગયા આખા વર્ષે અનુભવાયેલી પીડાઓ ફરી જીવંત થવાના ભણકારા વાગી રહ્યા હોય એમ કોરોનાના કેસોમાં ઉછાળો નોંધાય રહ્યો છે. લોકડાઉન... કરફ્યુ.... કન્ટેન્ટમેંટ ઝોન... વગેરે વગેરે જેવા શબ્દો કે જેને છેલ્લા ચાર-પાંચ મહિનાથી માંડ માંડ ભૂલ્યા હતા એ ફરીથી કાનોમાં ગુંજવા લાગ્યા છે. જો કે ગયા માર્ચથી શરૂ થયેલો આ હાહાકાર મે મહિનો આવતા આવતા તો એની ટોચ પર પહોંચી ગયેલો અને પછી ખાસ્સો સમય એ સ્થાન પર રહેલો. શરૂ શરૂમાં તો દેશ અને દુનિયા આ ભયાનક દાનવનો મુકાબલો કેમ કરવો એ બાબતે અજાણ હતી એટ્લે એનો લાભ લઈને આ રાક્ષસે દુનિયાને તહસનહસ કરવામાં કશું જ બાકી નહોતું રાખ્યું અને હજુ પણ કોરોનાને નાથવાના અનેકો ઉપાયો હોવા છતાં પણ દુનિયાના કહેવાતા શક્તિશાળી દેશોમાં પણ એનો કહેર જારી છે એવા સંજોગોમાં ભારત એ બાબતે ખૂશનસીબ રહ્યું કે સમયસરના પગલાં અને ત્વરિત નિર્ણયોથી ભલે કોરોનને સાવ નાબૂદ ના કરી શક્યા હોઈએ પણ એને અમુક અંશે કાબુમાં અને ખાસ તો ૧૩૦ કરોડથી વધુ વસ્તીની સરખામણીએ વધુ મૃત્યુને રોકવામાં સફળ રહ્યા છીએ અને આની પ્રસંશા દુનિયાના દેશોએ પણ કરેલી છે. બાકી અમેરિકા, યુરોપ, બ્રિટન જેવા દેશો સુપરિયર સગવડતાઓ હોવા છતાં પણ હજુ જજૂમી રહ્યા જ છે.

ગયા માર્ચથી આવેલું લોકડાઉન સામે એ વખતે અને હજુ પણ અનેકો સવાલો ચોક્કસ છે પણ એક વાત ભૂલવી ના જોઈએ કે તે વખતે દુનિયા પાસે કોરોનાને નાથવાના જે જૂજ ઉપાયો હતા એમાનું લોકડાઉન એક હતું. અને હજુ પણ અમેરિકા, યુરોપ સહિત વિશ્વના ઘણા દેશોમાં આ હથિયારનો ઉપયોગ થઈ રહ્યો છે એટ્લે એ નિર્ણય ખોટો હતો એ વાત જ ખોટી છે પણ હા લોકડાઉનને લીધે લોકોને જે મુશ્કેલીઓ પડી અને લોકડાઉન પછી પણ જે લાખો લોકો ધંધા-વેપાર ક્ષેત્રે મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે એના માટે જે તે સરકારની અણઘડ નીતિઓ જવાબદાર ચોક્કસ ગણી શકાય. લોકડાઉન એક એવું ખરાબ સ્વપ્ન છે કે જેને જોવાનું કોઈ પસંદ નહીં કરે પણ ક્યાક ને ક્યાક લોકડાઉન જે તે સમયે જરૂરી હતું અને આજે પણ મહારાષ્ટ્રમાં કે જ્યાં આખા દેશના કુલ કેસના લગભગ અર્ધા કેસો નોંધાય છે ત્યાં લોકડાઉન લાગુ જ છે. ખેર, કોરોનાના આ તાજા ઉછાળામાં એક વાત તો નક્કી જ છે કે લોકડાઉન એ છેલ્લો ઉપાય રહે